**<u>ફો.કે.નં.૧૭૭૯/૨૦૨૩</u>**

**<u>આંક :– ૧ લગત હુકમ</u>**

પોલીસે કરેલ આ ચાર્જશીટ ઘણાં વર્ષો થી પેન્ડીંગ છે અને રેકર્ડ ની ચકાસણીકરતા આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી માટે પૂરતો પ્રયત્ન કરવા છતા આરોપીઓને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી અને નજીકના ભવિષ્યમાં પ્રોસેસની બજવણી થઈ શકે તેમ જણાતુ નથી.પોલીસ એજન્સી આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ નીવેડેલ છે. આરોપી સામે હાલની ફરીયાદ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪બી મુજબ ગુન્હાને લગતી ફરીયાદ હોય અને કાયદા મુજબ સમન્સ ટ્રાયલ ઓફેન્સ હોય, ઈન્સાફી કાર્યવાહી વધુ સમય સુધી પેન્ડીંગ રાખવાથી કોઈ ફળદાયક પરીણામ નીકળે તેમ નથી. **<u>હાલનો કેસ વર્ષ ૨૦૨૩ નો હોઈ પોલીસ ધ્વારા આરોપીને પકડી રજુ રાખવા માટે પૂરતા પ્રયત્નો કરેલ હોય તેમ જણાતુ નથી અને પોલીસ ની નબળી કામગીરી હોઈ આરોપીને પકડી રજુ કરવા સક્ષમ ન હોઈ તેથી હાલનો કેસ વધુ સમય પેન્ડીંગ રાખવો યોગ્ય જણાતો નથી.</u>** જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ.ઈબ્રાહિમ લાધા એ.આઈ.આર ૧૯૭૧ (ગુજરાત) ૧૪૮ ના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ ન્યાયના વિશાળ હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:– ૨૫૮ ધ્યાને લેતા ન્યાયના હિતમાં નિચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

૧ .ક્રિમીનલ કોડની કલમ:– ૨૫૮ અન્વયે ફરીયાદના કામે આરોપી વિરુધ્ધ મુકેલ તહોમત અંગેની ઈન્સાફી કાર્યવાહી બંધ રાખી, આરોપીને બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદરહું હુકમની જાણ કલેકટરશ્રી,એસ.પી શ્રી હિંમતનગર તથા સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

આજ તા. ૧૪ મી, માહે માર્ચ , સને–૨૦૨૬ ના રોજ હુકમ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
મુ. ઈડર.

**(વિપ્લવ એચ. તૈરૈયા)**
એડી. જ્યુડી. મેજી.ફ.ક , ઈડર.
(જજ કોડ નં.જી.જે.૦૧૬૮૧)